CIMS®
Care Institute of Medical Sciences
At CIMS... we care

# બેરીઆટ્રીક સર્જરી (મેદસ્વીતા દૂર કરવાની સર્જરી) - સમાજમાં સહજ સ્વીકૃતિ કેમ નહિં ?

મેદસ્વીતા એ અદ્યતન યુગની ભેટ છે. બદલાતી જતી જીવનશૈલી તથા અન્ય ઘણાં કારણોથી સમાજમાં આજે મેદસ્વીતા રોગની ખતરાની ઘંટી વાગવાની શરૂઆત થઇ ગઇ છે. આપણા પાંચમા વેદ સમાન આયુર્વેદમાં એક કહેવત છે, - "પેટ એ રોગોનું મૂળ છે." જો શરીરને રોગોનું ઘર ન બનવા દેવું હોય તો વજન નિયંત્રણમાં રાખવું - અનિવાર્ય પગલું છે.



આમ જોવા જઇએ તો જાડું શરીર એ કોઇને પણ ગમતું નથી. અને તે વ્યક્તિના મગજમાં વજન ઘડાટવાના સૌથી સરળ પ્રયોગો જ રમતા હોય છે. છતાંય ઘણાં બધા કારણોસર, સંયમી વ્યક્તિ પણ વજન ઘટાડી શકતી નથી. અને પરિણામે ઘણી બધી વ્યક્તિગત, સામાજિક અને આર્થિક સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. આવા સંજોગોમાં બેરિઆટ્રીક સર્જરી (મેદસ્વિતા દૂર કરવાની શસ્ત્રક્રિયા) એ વરદાનરૂપ બની રહે છે. છતાં આજના આ ટેકનીકલ યુગમાં પણ લોકો હજીએ આને માટે સહમત નથી - તેને અનુલક્ષીને હજીયે સમાજમાં ઘણી બધી ભ્રમણાઓ પ્રવર્તી રહી છે.




સૌપ્રથમ તો લોકોના મનમાં એવી માન્યતા ઘર કરી ગઇ છે કે બેરીઆટ્રીક સર્જરી કરાવ્યા પછી થોડા સમયમાં વજન ફરી પાછું વધી જ જતું હોય છે, પણ મોટાભાગના કિસ્સાઓમાં ફરીથી થયેલો વજનવધારો એ મોટા ભાગે અનિયંત્રિત અને બેઠાડુ જીવનશૈલીનું ફળ હોય છે. બીજુ ઓપરેશન પછીના વજન વધારાનું પ્રમાણ ઘણુ ઓછુ હોય છે જેથી વજન ઘટવાના તબીબી ફાયદા અકબંધ રહે છે.

ઘણાં એવું પણ માને છે કે બેરીઆટ્રીક સર્જરી પછી, વિટામિન અને મિનરલ્સની ઘણી ઉણપ સર્જાતી હોય છે, પણ યોગ્ય આહારસૈલી અનુસરવાથી આવ સમસ્યા ન થાય. વળી બીજો એક ખોટો ખ્યાલ એવો પણ છે કે વજન ઉતારવાની સર્જરી એ કોસ્મેટીક પ્રકારની સર્જરી છે કે જે ફેશન વર્લ્ડની નીપજ છે - પણ ગંભીર પ્રકારની મેદસ્વીતાવાળા (જેનું વજન તેના આદર્શ વજન કરતાં ૪૫ કિગ્રા વધુ હોય) દર્દીઓ માટે તે એક અનિવાર્ય સારવાર છે, કે જેથી તેના લીધે થતી અન્ય મુશ્કેલીઓ નિવારી શકાય.

એક માન્યતા એમ છે કે સ્ત્રીઓને આ ઓપરેશન પછી પ્રેગનન્સીમાં તકલીફ થાય અને બાળકના સ્વાસ્થ્યને અસર થાય. આ માન્યતા તદ્દન ખોટી છે, વજન ઘટ્યા પછી સ્ત્રીઓ સામાન્ય રીતે ગર્ભ ધારણ કરીને સ્વસ્થ બાળકને જન્મ આપતી હોય છે. ઉલટું વજન ઘટાડ્યા પછી ગર્ભ ધારણ કરવાની શક્યતા વધી જાય છે અને આમ તે વ્યંધત્વની સારવાર બની રહે છે.

આમ, વિહંગાવલોકન કરતાં એવા નિષ્કર્ષ પર આવી શકાય કે યોગ્ય તબીબી સલાહ અનુસરીને બેરીઆટ્રીક સર્જરી કરાવવાથી ભવિષ્યમાં થનાર મુશ્કેલીઓને ટાળી શકાય છે અને સ્વસ્થ અને લાંબુ જીવન જીવી શકાય છે. કોઇએ સાચું જ કહ્યું છે, "રોગ અને શત્રુને ઉગતા જ ડામવા જોઇએ."

**સૌજન્ય**




**ડૉ.ચિરાગ ઠક્કર**
MS, MRCS Ed (UK), FMAS
(જી આઈ, લેપરોસ્કોપીક અને બેરયાટ્રીક સર્જન)
મોબાઈલ:- ૮૪૬૯૩૨૭૬૩૪
ઈ મેઈલ:- drchiragthakkar@yahoo.co.uk
chirag.thakkar@cimshospital.org

CIMS



# લેપ્રોસ્કોપીક, હર્નિયા અને ઓબેસીટી (બેરીયાટ્રીક) સર્જરી

## શું તમે સ્થૂળતાથી પીડીત છો?

- મધુમેહ (ડાયાબિટીસ)
- ઉંચુ બ્લડ પ્રેશર (હાયપરટેન્શન)
- સ્લીપ એપ્નિયા (શ્વાસની તકલીફ)
- વ્યંધત્વ
- ઉંચુ કોલેસ્ટ્રોલ
- ઘુંટણની તકલીફ

**સ્થૂળતા આનુ કારણ હોઇ શકે છે**

### મેદસ્વીપણુ (ઓબેસીટી)

શું તમે જાણો છો ?

- ઓબેસીટી (મેદસ્વીપણા)થી અનેક પ્રકારના રોગો થતા હોય છે અને તે વ્યંધત્વનું કારણ બની શકે છે ?
- ઓબેસીટી સર્જરીથી ડાયાબિટીસ, હ્રદયરોગ, બીપી, સાંધાના દુ:ખાવા જેવા રોગો પણ મટી શકે છે ?

### લેપ્રોસ્કોપીક હર્નિયા

- ઓપન સર્જરી કરતા લેપ્રોસ્કોપીક હર્નિયા સર્જરીથી ઓછો દુ:ખાવો તથા ઝડપી રીકવરી આવે છે.
- લેપ્રોસ્કોપીક સર્જરીથી જાળીના ઇન્ફેકશન (ચેપ)નું પ્રમાણ ઘટે છે.
- ઓપન સર્જરી કરતા લેપ્રોસ્કોપીક સર્જરીથી કામ પર તથા તમારી સામાન્ય જિંદગીમાં ઝડપથી પાછુ ફરી શકાય છે




**ડૉ. ચિરાગ ઠક્કર**
MS, MRCS Ed (UK), FMAS
(જી આઈ, લેપરોસ્કોપીક અને બેરયાટ્રીક સર્જન)
(મો) +91-8469327634
ઇમેલ : drchiragthakkar@yahoo.co.uk
chirag.thakkar@cimshospital.org
વેબ: www.drchiragthakkar.com



CIMS®
Care Institute of Medical Sciences
World-class practices. Trusted by doctors.
NABH
NABL Certificate No. M-0500

**સીમ્સ હોસ્પિટલ**
શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ – ૩૮૦ ૦૬૦.
ફોન : +૯૧-૭૯-૨૭૭૧ ૨૭૭૧-૭૫ (૫ લાઇન)
ઇમેલ : info@cims.me વેબ : www.cims.me